દાખલ તા. ૧૭/૦૪/૨૦૨૫.
રજી.તા. ૧૭/૦૪/૨૦૨૫.
ફેસલ તા. ૨૫/૦૩/૨૦૨૬.
સમય વર્ષ માસ દિવસ

**દયાપરના.જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રી ની કોર્ટમાં,દયાપર-કચ્છ.**

ફોજદારી.કેસ.નંબર.૧૧૩/૨૦૨૫.
આંક-

શ્રી સરકાર.

// **ફરિયાદી**

**વિરુદ્ધ**

(૧). વિષ્ણુદાન કરણીદાન ગઢવી.
ઉ.વ.આ.૨૧,રહે.નવાનગર(પાન્ધ્રો),
તા.લખપત-કચ્છ.
(૨). શિવરાજ જયેશદાન ગઢવી.
ઉ.વ.આ.૨૧,રહે.સોનલનગર(પાન્ધ્રો),
તા.લખપત-કચ્છ.
(૩). જવારદાન ગણેશદાન ગઢવી.(એબેટેડ)
ઉ.વ.આ.૬૭,રહે.નવાનગર(પાન્ધ્રો),
તા.લખપત-કચ્છ. // **આરોપી**

ફરિયાદપક્ષે - વિ.એ.પી.પી.શ્રી.એન.જે.પુજારા.
આરોપીપક્ષે - વિ.વ.શ્રી.જે.કે.ચિનારાણા.

.....................................................................................................................................

**ગુન્હો> ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ...**

..........................................................................................................

## -:ઠરાવ:-

(૧). ફરિયાદપક્ષ ના કેસ ની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ચા ની હોટલ પર ચા પિતા હતા ત્યારે આરોપીઓએ અગાઉના ઝઘડાનું મનદુખ રાખી ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી બીભત્સ ગાળો બોલી આરોપી નં.૧ ના એ ફરિયાદીને શરીરના ભાગે તથા માથામાં પાછળના ભાગે મૂઢમાર મારી તેમજ હાથમાં પહેરેલ કડાથી તેમજ પત્થર વડે તીક્ષ્ણ ઇજા કરી આરોપી નં.૦૨ તથા ૦૩ નાએ ફરિયાદીને ધકબુશટ નો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી મહે. જિલ્લા મેજી.સાહેબ કચ્છ. ભુજ ના ઓના હથિયાર બંધીના જાહેરનામા નો ભંગ કરી ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુનો કર્યાની ફરિયાદીની ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદાર આરોપીઓ વિરુદ્ધ હાલનુ ચાર્જશીટ કરેલ છે.

(૨). તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ કર્યા બાદ આ કામના આરોપીઓ નં.૦૧ વિષ્ણુદાન કરણીદાન ગઢવી તથા આરોપી નં.૦૨ શિવરાજ જયેશદાન ગઢવી ને સમન્સ ની બજવણી થતાં આરોપીઓ કોર્ટ માં હાજર થતાં આરોપીઓ ને ક્રિમિનલ પ્રોસીજર કોડ ની કલમ-૨૦૭ અન્વયે પોલિસ પેપર્સ ની નકલો પુરી પાડવામાં આવેલ છે અને આરોપી નં.૦૩ જવારદાન ગણેશદાન ગઢવી નું મરણ પ્રમાણપત્ર આંક-૧૨ થી રજૂ થતાં આરોપી જવારદાન ગણેશદાન ગઢવી વિરુદ્ધનો કેસ એબેટ કરવામાં આવેલ છે અને બાકી રહેલ આરોપીઓ વિરુદ્ધ આંક-૦૬ થી તહોમતનામું ફરમાવી આંક-૦૬/A તથા ૦૬/B લગત આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં આરોપીઓ એ ગુના નો ઇનકાર કરેલ છે જેથી પુરાવો લઈ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(3). ફરીયાદપક્ષ તરફે નીચે મુજબ નો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| વિગત | આંક |
|---|---|
| ૧.ફરિયાદી ધવલકુમાર કેશવલાલ દવે ની જુબાની | ૧૩ |
| ૨.સાહેદ રાહુલ કેશવલાલ દવે ની જુબાની | ૧૫ |
| ૩.સાહેદ છગન વીંજારામ નાણાવટી ની જુબાની | ૧૬ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| વિગત | આંક |
|---|---|
| ૧. ફરીયાદ. | ૧૪ |

(૪) ફરિયાદપક્ષ તરફે આંક-૧૮ થી ક્લોઝિંગ પુરસિસ રજૂ રાખેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

(૫). ઉપરોકત વિગતે આ કેસ ના ન્યાયિક નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબ ના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-મુદ્દા-**

(૧). શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી ચા ની હોટલ પર ચા પિતા હતા ત્યારે આરોપીઓએ અગાઉના ઝઘડાનું મનદુખ રાખી ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી બીભત્સ ગાળો બોલી આરોપી નં.૧ ના એ ફરિયાદીને શરીરના ભાગે તથા માથામાં પાછળના ભાગે મૂઢમાર મારી તેમજ હાથમાં પહેરેલ કડાથી તેમજ પત્થર વડે તીક્ષ્ણ ઇજા કરી આરોપી નં.૦૨ તથા ૦૩ નાએ ફરિયાદીને ધકબુશટ નો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની

મદદગારી કરી મહે. જિલ્લા મેજી.સાહેબ કચ્છ. ભુજ ના ઓના હથિયાર બંધીના જાહેરનામા નો ભંગ કરી ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ?

(૨). શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દાઓ અંગેના કોર્ટ ના નિર્ણય નીચે મુજબ છે.

(૧). નકારમાં

(૨). આખરી હુકમ મુજબ.

**--કારણો--**

**મુદ્દા નંબર ૧**

(૬). ફરિયાદપક્ષે આ કામે આંક-૧૩ થી ફરીયાદી ધવલકુમાર કેશવલાલ દવે ને તપાસેલા છે. ફરિયાદી તેમના પુરાવામાં જણાવે છે કે તારીખ ૨૦/૦૬/૨૪ ના રોજ સવારના દસ વાગ્યાના અરસામાં તેઓ ખોડિયાર ટી હાઉસ ખાતે ન્યુઝ પેપર વાંચતા હતા ત્યારે વિષ્ણુદાન અને શિવરાજ ત્યાં આવેલા અને અગાઉના ઝઘડાનું મનદુખ રાખી તેમની અને રાહુલ અને છગન સાથે બોલાચાલી કરેલી અને તે સમયે તેઓ પડી ગયેલ હોય અને માથાના પાછળના ભાગે ઇજા થયેલી હોય તેમણે તેમના બનેવી નરેશભાઇ સારવાર માટે દયાપર હોસ્પિટલ લઈ ગયેલા અને તેમની સારવાર કરવામાં આવેલ અને તેમણે અને રાહુલને વધુ સારવાર માટે જી.કે.જનરલ હોસ્પિટલ લઈ ગયેલા. બનાવ સબંધે તેઓએ ફરિયાદ આપેલી. ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે. ફરિયાદી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ઊલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસ ને સમર્થન કરતાં નથી. ફરિયાદી બચાવપક્ષની ઊલટ તપાસમાં સ્વીકાર કરે છે કે પડી જવાથી તેમણે ઇજા થયેલી. આરોપીઓ ના

હાથમાં કોઈ હથિયાર ન હતા. તેઓ પડી ગયેલા અને જમીન પરના પત્થર વાગવાથી તેમણે ઇજા થયેલી.

(૭). ફરિયાદપક્ષે આ કામે આંક-૧૫ થી સાહેદ રાહુલ કેશવલાલ દવે ને તપાસેલા છે. સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તારીખ ૨૦/૦૬/૨૪ ના રોજ સવારના દસ વાગ્યાના અરસામાં ધવલ ખોડિયાર ટી હાઉસ ખાતે ન્યુઝ પેપર વાંચતા હતા ત્યારે વિષ્ણુદાન અને શિવરાજ ત્યાં આવેલા અને અગાઉના ઝઘડાનું મનદુખ રાખી તેમની અને ધવલ અને છગન સાથે બોલાચાલી કરેલી અને તે સમયે તેઓ પડી ગયેલ હોય અને ધવલ ને માથાના પાછળના ભાગે ઇજા થયેલી હોય અને મુંઢમાર ની ઇજા થયેલી હોય તેમણે તથા ધવલને તેમના બનેવી નરેશભાઇ સારવાર માટે દયાપર હોસ્પિટલ લઈ ગયેલા અને તેમની સારવાર કરવામાં આવેલ અને તેમણે અને ધવલને વધુ સારવાર માટે જી.કે.જનરલ હોસ્પિટલ લઈ ગયેલા. બનાવ સબંધે ધવલે ફરિયાદ આપેલી. બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીને જોયેથી ઓળખે છે. સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ઊલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસ ને સમર્થન કરતાં નથી. સાહેદ બચાવપક્ષની ઊલટ તપાસમાં સ્વીકાર કરે છે કે પડી જવાથી તેમણે ઇજા થયેલી. આરોપીઓ ના હાથમાં કોઈ હથિયાર ન હતા. તેઓ પડી ગયેલા અને જમીન પરના પત્થર વાગવાથી તેમણે ઇજા થયેલી.

(૮). ફરિયાદપક્ષે આ કામે આંક-૧૬ થી સાહેદ છગન વીંજારામ નાણાવટી ને તપાસેલા છે. સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તારીખ ૨૦/૦૬/૨૪ ના રોજ સવારના દસ વાગ્યાના અરસામાં ધવલ ખોડિયાર ટી હાઉસ ખાતે ન્યુઝ પેપર વાંચતો હતો ત્યારે વિષ્ણુદાન અને શિવરાજ ત્યાં આવેલા અને અગાઉના ઝઘડાનું મનદુખ રાખી તેમની અને ધવલ અને રાહુલ સાથે બોલાચાલી કરેલી અને તે સમયે તેઓ પડી ગયેલ હોય અને ધવલ ને માથાના પાછળના ભાગે ઇજા થયેલી હોય અને મુંઢમાર ની

ઇજા થયેલી હોય રાહુલ તથા ધવલને તેમના બનેવી નરેશભાઇ સારવાર માટે દયાપર હોસ્પિટલ લઈ ગયેલા અને તેમની સારવાર કરવામાં આવેલ અને તેમણે અને ધવલને વધુ સારવાર માટે જી.કે.જનરલ હોસ્પિટલ લઈ ગયેલા. બનાવ સબંધે ધવલે ફરિયાદ આપેલી. બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીને જોયેથી ઓળખે છે. સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ઊલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસ ને સમર્થન કરતાં નથી. સાહેદ બચાવપક્ષની ઊલટ તપાસમાં સ્વીકાર કરે છે કે પડી જવાથી તેમણે ઇજા થયેલી. આરોપીઓ ના હાથમાં કોઈ હથિયાર ન હતા. તેઓ પડી ગયેલા અને જમીન પરના પત્થર વાગવાથી તેમણે ઇજા થયેલી.

(૯). આ કામે ફરિયાદપક્ષ ના પુરાવા નું સર્વાંગી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી ધવલકુમાર કેશવલાલ દવે, સાહેદ રાહુલ કેશવલાલ દવે તથા સાહેદ છગન વીંજારામ નાણાવટી હોસટાઇલ જાહેર થયેલ છે અને ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. ફરિયાદી તથા સાહેદો તેમની ઊલટ તપાસમાં સ્વીકાર કરે છે કે પડી જવાથી અને પત્થર વાગવાથી ઇજા થયેલી. આરોપીઓ ના હાથમાં કોઈ હથિયાર ન હતા. આમ ફરિયાદપક્ષના રેકર્ડ પરના પુરાવાથી એ હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી કે આરોપીઓ એ એકસંપ થઈને એક્બીજાની મદદગારીમાં હથિયાર ધારણ કરી ફરિયાદીને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી માર મારી ઇજાઓ પહોચાડેલ છે. આમ રેકર્ડ પર રજુ થયેલ પુરવાથી ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતાં મુદ્દા નંબર ૧. નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર ૨ સબબ ન્યાય ના વિશાળ હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**---હુકમ---**

(૧). ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૮(૧) અન્વયે આ કામ ના આરોપીઓ (૧). વિષ્ણુદાન કરણીદાન ગઢવી તથા (૨). શિવરાજ

જયેશદાન ગઢવી ને શંકા નો લાભ આપી ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ના ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). મુદ્દામાલ હથિયાર કડાનો અપીલ સમય બાદ નિયમાનુસાર નાશ કરવો.

(૨). આરોપીઓ એ રજૂ કરેલ જામીન ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭(એ)મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫-માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. દયાપર. (જીગર દિલીપભાઇ ત્રિવેદી)
જ્યુડી. મેજી. ફ.ક.દયાપર.
તારીખ- ૨૫/03/૨૦૨૬ કોડ નંબર- જી.જે-૦૧૦૬૩.